

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
૭૬ મું
પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા
અમે,
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
'વિકસિત ભારત'ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ
માનનીય રાજ્યપાલ
શ્રી આચાર્ય દેવવ્રતજીના
વરદ્હસ્તે
ધ્વજવંદન સમારોહ
તારીખઃ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, સવારે ૯:૦૦ વાગે
સ્થળઃ બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી-વ્યારા
પ્રેરક ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી
આવો, આપણે સૌ
સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ
પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...

## જામનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે ગ્રાન્ડ રીહર્સલ

# આવતીકાલે રાજ્યમંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે ધ્વજવંદન-પરેડ-સાંસ્કૃતિક કાર્યક્રમ-ટેબ્લો નિદર્શન સહિતના કાર્યક્રમો






આવતીકાલે ભારતના પ્રજાસત્તાક પર્વની જામનગર જિલ્લા કક્ષાના ઉત્સવની ઉજવણી ખંભાળિયા હાઈવે પર સમર્પણ બાયપાસ પાસેના મેદાનમાં કરવામાં આવનાર છે. આવતીકાલે તા. ૨૬-૧-૨૫ના સવારે ૯ વાગ્યે રાજ્યના મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવશે. ધ્વજવંદન પછી પરેડ-માર્ચ પાસ્ટ, ટેબ્લો નિદર્શન થશે. ત્યારપછી રાજ્યના મંત્રી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન, જિલ્લાના વિકાસ કામો માટે રાજ્ય સરકારે ફાળવેલ રૂા. ૨૫ લાખના ચેકની અર્પણ વિધિ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સંસ્થા-વ્યક્તિનું સન્માન કરવામાં આવશે. ધ્વજવંદનના કાર્યક્રમ સ્થળની પાસે મંત્રી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે. આવતીકાલની પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે કાર્યક્રમના સ્થળે પોલીસતંત્ર તેમજ સંલગ્ન તમામ સંસ્થાઓ દ્વારા ગ્રાન્ડ રિહર્સલ કરવામાં આવ્યું હતું.





# રોકાણકારોને નવડાવી દેનાર ક્રેડીટ બુલ્સના મહિલા ડાયરેક્ટરના જામીન

જામનગર તા.૨૫ : જામનગરના કેટલાક રોકાણકારોને તગડુ વળતર અને લોભામણી વ્યાજની સ્કીમ બતાવી રૂા.૨૩ કરોડ ઉપરાંતની રકમ મેળવી લઈ રાતો રાત તાળા મારીને ગુમ થઈ ગયેલી પેઢી-ક્રેડીટ બુલ્સના મહિલા પદાધિકારીનો વડી અદાલતમાં જામીન પર છૂટકારો થયો છે.

જામનગરના પંડિત નહેરૂ માર્ગ પર આવેલી ઈમારતમાં કાર્યરત ક્રેડીટ બુલ્સ ઈન્વેસ્ટ. નામની પેઢીમાં કેયુર વિજય ભાઈ નામના આસામી ઉપરાંત અન્ય રોકાણકારોએ લોભામણી વ્યાજની બતાવાયેલી સ્કીમમાં લલચાઈ જઈને રોકાણ કર્યા પછી તે પેઢીને તાળા મારી દેવાયા હતા.

આ બાબતની કેયુરભાઈએ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પેઢીના મુખ્ય ડાયરેક્ટર ધવલ દિનેશભાઈ સોલાણી, ફરઝાના ઈરફાન શેખ, યશ દિનેશભાઈ સોલાણી, જનરલ મેનેજર પ્રવીણ વડગામા સામે રૂા.૨૩,૦૭,૨૬,૮૦૦ની ઉચાપત અંગે પોલીસે શરૂ કરેલી તપાસમાં પંકજ પ્રવીણ વડગામા, ફરઝાના શેખ સામે ચાર્જશીટ કર્યું હતું.

આરોપી પૈકીના ફરઝાના શેખે જામીનમુક્ત થવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેણીએ જણાવ્યું હતું કે, તેના પરિવાર અને ખુદ ફરઝાનાએ રૂા.૭૩ લાખનું આ પેઢીમાં રોકાણ કર્યું છે. ધવલ સોલાણી તમામ એકાઉન્ટ પોતાના કંટ્રોલમાં રાખતો હતો અને તે પછી પેઢીને તાળા મારી વિદેશ નાસી ગયો છે. મોટા રોકાણના કારણે ફરઝાનાને હોદ્દો આપવામાં આવ્યો હતો. અદાલતે તે દલીલ ગ્રાહ્ય રાખી આરોપી મહિલાને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આરોપી તરફથી વકીલ વી.એચ. કનારા, નિશીત આચાર્ય રોકાયા છે.




## ઓખા-દહેરાદુન વચ્ચે ચાલતી ટ્રેન સપ્તાહમાં બે વખત દોડાવવા માંગણી

જામનગર તા. ૨૫: ભાવનગર-હરીદ્વાર વચ્ચે ચાલતી સાપ્તાહિક ટ્રેન હવે સપ્તાહમાં બે વખત દોડાવવામાં આવનાર છે. પરંતુ જામનગરથી હરીદ્વાર ચાલતી ટ્રેન ત્રણ દાયકાથી સપ્તાહમાં એક જ વખત દોડાવવામાં આવે છે શા માટે...? તેવો સવાલ ઉઠવા પામ્યો છે. ઓખા-દહેરાદુન સાપ્તાહિક ટ્રેન જામનગરથી પસાર થાય છે. આ ટ્રેનને સપ્તાહમાં બે વખત દોડાવવા માટે માંગણી લાંબા સમયથી કરવામાં આવી રહી છે. તેને સ્વીકારવામાં આવતી નથી. જ્યારે ભાવનગરની માંગણી રેલવેએ સ્વીકારી છે, અને ભાવનગર-હરીદ્વાર વચ્ચે દોડતી ટ્રેન હવે સપ્તાહમાં બે વખત દોડાવવામાં આવનાર છે. ઓખા-દહેરાદુન એક જ ટ્રેન હરીદ્વાર માટે મળે છે. તેને સપ્તાહમાં બે વખત દોડાવવી જોઈએ તેવી માંગણી ફરી એક વખત જામનગર રીજીયન પેસેન્જર એસો.ના માનદ્‌ મંત્રી ચંદ્રવદન પંડ્યાએ કરી છે.

### લાલપુર માર્કેટ યાર્ડ

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૧૦૦૦ | ..૧૦૩૫ |
| મગફળી જાડી | ૯૩૬ | ...૧૦૨૦ |
| કપાસ | ......૧૩૫૭ | ...૧૪૫૯ |
| ધાણા | .........૫૦૦ | .....૫૬૦ |
| ચોળી | .......૧૫૫૦ | ...૧૯૦૦ |

